RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક


"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 187 * Date: 28.04.2025,Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## જમ્મુ-કાશ્મીરમાં ૫ વર્ષમાં ૮૪ હજાર કરોડનું રોકાણ થયું:પ્રવાસનથી ૧૮ હજાર કરોડ કમાયા; ૩૫ વર્ષમાં આતંકવાદને કારણે ૪૦ હજાર લોકોના મોત



જમ્મુ અને કાશ્મીરમાં ૨૦૧૯ પછી પરિસ્થિતિ ઝડપથી સુધરી રહી છે. રાજ્યનો વર્તમાન ર્‌ઁ સરેરાશ ૮.૫%ના દરે વધી રહ્યો છે. છેલ્લા ૫ વર્ષમાં ૮૪ હજાર કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવો આવ્યા છે. જ્યારે ૨૦૨૪માં રાજ્યને પર્યટનથી ૧૮ હજાર કરોડ રૂપિયાની આવક થઈ હતી.જમ્મુ અને કાશ્મીર લગભગ ૩૫ વર્ષથી આતંકવાદનો સામનો કરી રહ્યું છે. આના કારણે અત્યાર સુધીમાં ૪૦ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. ઉપરાંત, લાખો લોકોને સ્થળાંતર કરવાની મજબુરી પડી હતી. આના કારણે રાજ્યની ડેમોગ્રાફી બદલાઈ ગઈ. રાજ્યમાં થયેલી હિંસા અને અસ્થિરતાની વિકાસ પર સૌથી વધુ અસર પડી.૨૦૧૯ માં કલમ ૩૭૦ દૂર કર્યા પછી, રાજ્યમાં પરિસ્થિતિ સુધરી રહી હતી. પરંતુ પહેલગામ હુમલાને કારણે રાજ્યના વિકાસ પર લાંબા સમય સુધી અસર પડે તેવું લાગે છે. મોટાભાગના પ્રવાસીઓ પાછા ફરવા લાગ્યા છે. લગભગ ૯૦% લોકોએ તેમના પ્રવાસ બુકિંગ રદ કર્યા છે.જમ્મુ અને કાશ્મીરનું અર્થતંત્ર પર્યટન, ફળોના વેપાર અને હેન્ડીક્રાફ્ટ પર આધારિત છે. ૧૯૯૫ પછીના ૧૦ વર્ષમાં ડ્રાય ફ્રુટની નિકાસમાં ૬૭.૧૪%નો ઘટાડો થયો. ૨૦૦૭ પછી, હસ્તકલા ઉત્પાદનમાં ૮૦%નો ઘટાડો થયો. એટલું જ નહીં, છેલ્લા સાડા ત્રણ દાયકાથી ચાલી રહેલા આતંકવાદ અને હિંસાએ લોકોના માનસિક સ્વાસ્થ્ય પર પણ ભારે અસર કરી છે. હતાશા, ચિંતા, આઘાત, આત્મહત્યા અને ડ્રગ્સનું વ્યસન વધ્યું. ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, લગભગ ૯૦% લોકોએ તેમના પ્રવાસ બુકિંગ રદ કર્યા છે. પ્રવાસીઓ શક્ય તેટલી વહેલી તકે ઘાટીમાંથી બહાર નીકળવા માંગે છે, તેથી તેઓ ફ્લાઇટ પકડવા માટે શ્રીનગર પહોંચી રહ્યા છે. ત્યાંના લોકોમાં નોકરી ગુમાવવાનો ડર છે. અહીંનું અર્થતંત્ર પર્યટન પર ખૂબ નિર્ભર છે, તેથી તેને નુકસાન થઈ શકે છે.

## ગોંડલમાં ઘમસાણ : અલ્પેશ કથિરિયાની કાર પર હુમલો, ગણેશ જાડેજાના પડકાર બાદ પહોંચ્યા હતા

ગોંડલમાં ગણેશ જાડેજા અને અલ્પેશ કથિરિયા વચ્ચેના શાબ્દિક યુદ્ધ બાદ સામાજીક અને રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. સુલતાનપુરની જનાક્રોશ સભામાં ગણેશ જાડેજાના પડકાર બાદ પાટીદાર આગેવાન અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલની મુલાકાતને લઈને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં અનેક લોકો અલ્પેશના સમર્થનમાં આવ્યા હતાં, ત્યારે ઘણાં લોકો તેની વિરોધમાં દેખાવ કરતા જોવા મળ્યા હતાં. જોકે, આ દરમિયાન તેમણે આશાપુરા મંદિરથી દર્શન કરીને નીકળ્યા બાદ અલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેની ગાડીના કાચ તોડી નાંખવામાં આવ્યા છે.

અલ્પેશ કથિરિયાએ આ વિરોધ અને હુમલા વિશે વાત કરતાં કહ્યું કે, 'જ્યાં સુધી અમે ગોંડલમાં રહેશું ત્યાં સુધી વિરોધ થશે. આ જ તો મિર્ઝાપુર છે. ગોંડલમાં કોઈ વ્યક્તિ આવવા ન જોઈએ. આવે તો હુમલા કરવાના. તેના માણસો, ગાડી અને પરિવારને નુકસાન કરવાનું. ગોંડલમાં કાયદા-વ્યવસ્થાની પરિસ્થિતિને અમુક વ્યક્તિઓના ઈશારે નચાવવામાં આવી રહી છે.' રાજકોટના ગોંડલમાં છેલ્લા કેટલાક સમયથી ગણેશ જાડેજા (ગોંડલ) અને અલ્પેશ કથિરિયા વચ્ચે વાકયુદ્ધ ચાલી રહ્યું છે. જેના લીધે ગોંડલના રાજકારણમાં ગરમાયો આવ્યો છે. ત્યારે સ્વ્છ પુત્ર ગણેશ જાડેજા બે દિવસ પહેલાં આડકતરી રીતે અલ્પેશ કથિરિયા અને વરૂણ પટેલને ગોંડલ આવવાની વાત કરી હતી. જેને લઈને હવે અલ્પેશ કથિરિયાએ ચેલેન્જ સ્વીકારી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે "ગોંડલ, સ્વાગતની કરો તૈયારી..." આખા ગોંડલમાં ફરવા આવીએ છીએ.' આજે અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલ ગોંડલની મુલાકાતે પહોંચ્યા છે.

બે દિવસ પહેલાં સુલતાનપુરમાં યોજાયેલી એક જાહેરસભામાં ગણેશ જાડેજાએ ચીમકી ઉચ્ચારતો ખુલ્લો પડકાર ફેંક્યો હતો. આ પડકાર આડકતરી રીતે અલ્પેશ કથિરિયા અને વરૂણ પટેલ માટે



હતો. ગણેશ ગોંડલે કહ્યું હતું કે હું અને અલ્પેશ ઢોલરિયા ગોંડલમાં જ રહીએ છીએ. માનું ધાવણ ધાવ્યાં હો તો આવી જાઓ મેદાનમાં. મારી ગાડી ૨ વાગે ગોંડલમાં જોવા મળશે. જો હિંમત હોય તો કાર્યકર્તાઓનો કોલર પણ પકડીને બતાવો, હું વાવાઝોડાની જેમ ન આવું તો કહેજો... ૨૦૦ કિલોમીટર દૂરથી વીડિયો બનાવીને રમત ન રમશો. આ કાર્યક્રમમાં ગણેશ જાડેજાએ અલ્પેશ કથિરિયા, વરૂણ પટેલ, મેહુલ બોઘરા અને જિગીશા પટેલ વિરૂદ્ધ નારા લગાવ્યા હતા.

## ધીરેન્દ્ર શાસ્ત્રીએ આતંકવાદીઓની પરચી કેમ ન કાઢી? શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદનો આક્રોશ

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે એક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'સરકારે પહેલા પોતાના દેશમાં છુપાયેલા આતંકવાદીઓને શોધવા જોઈએ.'

પહલગામ હુમલા પર સવાલ ઉઠાવતા શંકરાચાર્યએ કહ્યું કે, 'આતંકવાદીઓ દેશમાં કેવી રીતે ઘૂસ્યા? ૪૦ મિનિટ સુધી તેઓ લોકોને મારતા રહ્યા અને પછી સરળતાથી ભાગી નીકળ્યા. તેમણે મોદી સરકાર પાસે આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી છે.

લાંબા સમય સુધી આતંકવાદીઓ મુક્તપણે કેવી રીતે ફર્યા

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે, 'જ્યાં સુધી આપણે આપણી અંદરના દુશ્મનોને નહીં ઓળખીએ, ત્યાં સુધી દેશની સુરક્ષા પર માત્ર વાતો જ ચાલુ રહેશે. સુરક્ષામાં આટલી



મોટી ખામી કેવી રીતે થઈ? આતંકવાદીઓ આટલા લાંબા સમય સુધી મુક્તપણે કેવી રીતે ફરતા રહ્યા? તેમજ, જ્યારે હુમલા પછી તરત જ આતંકવાદીઓના નામ અને ફોટા મળી જાય છે, તો પછી આ માહિતી પહેલા કેમ મળી ન હતી?'

શંકરાચાર્યને બાગેશ્વર ધામના મહારાજને લઈને પૂછતા સવાલ કરતાં કહ્યું કે, તેઓ દરેક માટે પરચી કાઢે છે તો, આ ઘટના માટે પરચી કેમ ન કાઢી. આ અંગે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે અમને પણ અપેક્ષા છે કે, મહારાજ આતંકવાદીઓ માટે પણ પરચી કાઢે. તો અમને લોકોને પણ ખબર પડે.

સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, 'બાગેશ્વર ધામના મહારાજ હિન્દુ રાષ્ટ્ર બનાવવાની વાત કરે છે. તેમણે જે ગામને હિન્દુ ગામ બનાવ્યું છે, તે ગામમાં પહેલેથી જ બાગેશ્વર મહારાજ બિરાજમાન છે. એ તો હિન્દુ જ છે, તો પછી તેને હિન્દુ ગામ બનાવવાની શું જરૂર હતી.

## 'પુરાવા તો આપો પાકિસ્તાન વિરુદ્ધ...', પહલગામ હુમલા અંગે આફ્રિદીએ ઉલટાનું ભારતને સંભળાવ્યું

૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ ભારતીય નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યાં. એક તરફ આ હુમલા મામલે પાકિસ્તાનની ચોતરફી ટીકા થઈ રહી છે ત્યાં પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન શાહીદ આફ્રિદીએ આતંકી હુમલાની ટીકા કરવાની જગ્યાએ ભારત પાસે જ પુરાવા માગી લીધા છે.

એક વાઈરલ વીડિયોમાં પાકિસ્તાનને દોષિત ઠેરવવા બદલ આફ્રિદીએ ભારતની ટીકા કરી છે. તેણે કહ્યું કે ભારતના આરોપો પાયાવિહોણા છે અને કોઈપણ પ્રકારની તપાસ વગર ઉતાવળે પાકિસ્તાનને દોષિત ઠેરવાઈ રહ્યું છે. ઈન્ટરનેટ પર આફ્રિદીનો આ વીડિયો ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે કોઈએ આફ્રિદીને પહલગામ હુમલા અંગે સવાલ કર્યો હતો. જેના જવાબમાં આફ્રિદીએ કહ્યું કે હું ક્રિકેટ અને રમતની કૂટનીતિમાં વિશ્વાસ રાખું છું. આ મામલે રાજનીતિ ન થવી જોઈએ. પાડોશી દેશ છે એટલે એકબીજાનો ખ્યાલ રાખવો જોઈએ પણ પહલગામનો હુમલો થતા જ



તમે સીધા પાકિસ્તાનનું નામ લઈ લીધું. અરે ભાઈ પુરાવા તો આપો પહેલા. જોકે પછી આફ્રિદીએ તેના નિવેદનનો બચાવ કરતા કહ્યું કે આ ઘટના અફસોસજનક છે. કોઈપણ ધર્મ હોય આતંકવાદને તે સમર્થન ના કરે. આ ઘટના છતાં મારું માનવું છે કે બંને દેશો વચ્ચેના સંબંધો સારા હોવા જોઈએ કેમ કે લડાઈનું તો કોઈ કારણ જ નથી.

## 'મારો આર્મીવાળો ભાઈ ના હોત તો ૩૦-૪૦ વધુ મર્યા હોત.. ', પહલગામમાં આતંકીઓના તાંડવની આંખો-દેખી

૨૨ એપ્રિલના રોજ થયેલા પહલગામ આતંકવાદી હુમલાને આજે ૫ દિવસ થઈ ગયા છે, પરંતુ તેના ઘા હજુ પણ તાજા છે. બૈસરન ઘાટીમાં પોતાના સ્વજનો ગુમાવ્યા બાદ ઘણા પરિવારોમાં શોકનું વાતાવરણ છે, જ્યારે ઘણા લોકોએ મૃત્યુના આ દ્રશ્યને ખૂબ નજીકથી જોયું છે. એવામાં ઘણા લોકો સોશિયલ મીડયા પર આપવીતી જણાવતા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. એવા હજુ એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર આપવીતી જણાવી છે.

જ્યારે બૈસરન ઘાટીમાં બપોરે લગભગ ૨:૩૦ વાગ્યે આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યો, ત્યારે એક સેના અધિકારી પણ ત્યાં હાજર હતા. પરિવાર સાથે રજાઓ માણવા પહલગામ આવેલા આ અધિકારીએ ૩૦-૪૦ પ્રવાસીઓના જીવ બચાવ્યા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર કર્ણાટકના સોફ્ટવેર એન્જિનિયર પ્રસન્ન કુમાર ભટ્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર દાવો કર્યો છે કે, 'આતંકવાદી હુમલા દરમિયાન અમે પણ પહલગામની બૈસરન ઘાટીમાં હાજર હતા. પ્રસન્ન તેમના પત્ની, ભાઈ અને ભાભી સાથે શ્રીનગર અને પછી પહલગામની યાત્રા પર ગયા હતા. તેણે લખ્યું કે મારા ભાઈ આર્મી ઓફિસર છે અને તેમની સમજદારીને કારણે ૩૦-૪૦ લોકોના જીવ બચી ગયા.

હુમલા અંગે પ્રસન્ને આગળ જણાવ્યું હતું કે, '૨૨ એપ્રિલના રોજ બપોરે ૧૨ વાગ્યે અમે પહલગામ પહોંચ્યા, ત્યાંથી બૈસરણ ઘાટી માટે ઘોડો કર્યો અને ૧:૩૫ વાગ્યે અમે બૈસરણ ઘાટી પહોંચ્યા. ઘાટી સુધી પહોંચવાનો રસ્તો ખૂબ જ ઉબડખાબડ અને પથરાળ હતો. તેમજ ઘાટી ચારે તરફથી પાઈન વૃક્ષોથી ઘેરાયેલી છે. અમે મુખ્ય દરવાજામાંથી પ્રવેશ કર્યો અને ખીણની સુંદરતાને માણતા ચા પીધી. અમે રાત્રે ૨ વાગ્યાની આસપાસ ઉઠ્યા અને મુખ્ય પ્રવેશદ્વારની સામેની બાજુએ ચાલ્યા ગયા.

પ્રસન્નએ કહ્યું, જ્યારે અમને ગોળીનો અવાજ સંભળાયો ત્યારે અમે મુખ્ય દરવાજાથી માત્ર ૪૦૦ મીટર દૂર હતા. લગભગ ૨:૨૫ વાગ્યા હતા. આખી ઘાટીમાં શાંતિ ફેલાઈ ગઈ. કોઈને કંઈ સમજાયું નહીં. દૂર ઉભેલા લોકો હજુ પણ રજાઓનો આનંદ માણી રહ્યા હતા. જોકે મારા આર્મી ઓફિસર ભાઈએ તરત જ આ અવાજ ઓળખી લીધો. તેણે કહ્યું કે આ છ્‌દ્ધ-૪૭ નો અવાજ છે. અહીં આતંકવાદી હુમલો થયો છે. જેથી અમે ઝડપથી દોડીને ટોઈલેટ પાછળ છુપાઈ ગયા.

અમે મુખ્ય દરવાજા પાસે બે મૃતદેહો પડેલા જોયા. ઘાટીમાં હાજર પ્રવાસીઓમાં નાસભાગ મચી ગઈ. બધા ઘાટીમાંથી ભાગી જવાનો પ્રયાસ કરવા લાગ્યા. આશ્ચર્ય ત્યારે થયું જ્યારે ખબર પડી કે આખી ઘાટી ચારે બાજુ વાડથી ઘેરાયેલી હતી અને ત્યાંથી બહાર નીકળવાનો એક જ રસ્તો હતો, તે મુખ્ય દરવાજો હતો, જ્યાં આતંકવાદીઓ પહેલેથી જ હાજર હતા.

તંત્રી લેખ......

## વૈશ્વિક સોનામાં ૧૦૦ ડોલરની બેતરફી ઉછળકુદ

વિશ્વ બજારમાં સોનાના ભાવમાં નોંધપાત્ર ઉછળકુદ જોવા મળી હતી. વૈશ્વિક સોનાના ભાવ ઔંશના ૩૨૯૫થી ૩૨૯૬ વાળા નીચામાં ૩૨૬૫ થયા પછી ઉંચામાં ભાવ ૩૩૭૦ થઈ છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૩૩૧૯થી ૩૩૨૦ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સમાં બેતરફી વધઘટ તથા ચીન અને અમેરિકા વચ્ચે વેપાર વિષયક થનારી ચર્ચા પર બજારના ખેલાડીઓની નજર રહી હતી. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશદીઠ ૩૩.૩૦થી ૩૩.૩૧ વાળા નીચામાં ૩૨.૭૭ તથા ઉંચામાં ૩૩.૬૮ થઈ છેલ્લે ભાવ ૩૩.૧૧થી ૩૩.૧૨ ડોલર રહ્યા હતા. મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલિયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોનાના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા જ્યારે ચાંદીના ભાવમાં પીછેહટ દેખાઈ હતી. દરમિયાન, વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ વધી ૯૯૫ના રૂ.૯૮૮૦૦ તથા ૯૯૯ના રૂ.૯૯૧૦૦ બોલાતા થયા હતા. જો કે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦૦૦ ઘટી રૂ.૯૭૦૦૦ બોલાયા હતા. દરમિયાન, ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચામાં ૯૯.૮૯ તથા નીચામાં ૯૯.૪૦ થઈ છેલ્લે ૯૯.૫૯ રહ્યાના સ માચાર હતા. અમેરિકામાં બિઝનેસ એક્ટીવીટી ધીમી પડતાં ૧૬ મહિનાના તળિયે ઉતરી ગયાના વાવડ હતા. એપ્રિલમાં ત્યાં આવી વેપારી પ્રવૃત્તિમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા ટેરીફ તથા વેપાર યુદ્ધ છેડાતાં ત્યાં બિઝનેસ એક્ટીવીટીને અસર પડયાની ચર્ચા હતદી, ત્યાં કન્ઝયુમર સેન્ટીમેન્ટમાં પણ પીછેહટ જોવા મળી છે.અમેરિકામાં બેરોજગારીના દાવાઓ ૨ લાખ ૧૬ હજારથી વધી ૨ લાખ ૨૨ હજાર આવ્યાના સમાચાર હતા.દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૫.૪૪ વાળા ઘટી રૂ.૮૫.૩૯થી ૮૫.૪૦ બોલાઈ રહ્યા હતા.

# દીપિકાબેનનું પર્યાવરણ જાગૃતિ માટે ઉત્તમ યોગદાન - "પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ-૨૦૨૫"થી સન્માન







કપડવંજના શ્રી માધવ ચેરિટેબલ ટ્રસ્ટ અને મહેસાણાના બ્રહ્મસમાજના સંયુક્ત ઉપક્રમે આયોજિત તથા શ્રી પુલકિતભાઈ જોષી (મદદનીશ સચિવ, ગુજરાત માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર)ની પ્રેરણાથી સંપન્ન થયેલ "પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ-૨૦૨૫" કાર્યક્રમમાં જિલ્લો અમદાવાદની દીપિકાબેન ડી. વણકરને પર્યાવરણ સંરક્ષક તરીકે એવોર્ડ અપાઈ માન્યતા આપવામાં આવી.આજ રોજ તારીખ ૨૭.૪.૨૫ ના રોજ ગાંધીનગર, ટાઉનહોલ ખાતેપર્યાવરણ સંરક્ષક એવોર્ડ- ૨૦૨૫ એનાયત કાર્યક્રમ યોજાઈ ગયો.ગુજરાત રાજ્યમાંથી પસંદ કરાયેલ ૨૫૨૫ જેટલા પર્યાવરણ સંરક્ષકોને આ એવોર્ડ મુખ્ય અતિથિ ગુજ.રાજયના શિક્ષણમંત્રીશ્રી, કુબેરભાઈ ડીંડોરના હસ્તે આપવામાં આવ્યો.સન્માનપત્ર,શિલ્ડ,ડાયરી, પક્ષીમાળો, ચકલીઘર તેમજ પુસ્તક આપી સૌને નવાજવામાં આવ્યા.દીપિકાબેને પર્યાવરણના જતન માટે સતત કાર્ય કરી રહ્યા છે અને લોકોને વૃક્ષારોપણ, જળસંરક્ષણ અને સ્વચ્છતા માટે જાગૃત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમના આ ઉમદા પ્રયાસોને મોખરું મૂકીને આ સન્માન આપવામાં આવ્યું છે. દીપિકાબેને શાળામાં વૃક્ષારોપણ જેવી ગતિવિધિઓ હાથ ધરીને વિદ્યાર્થીઓ અને સમુદાયમાં પર્યાવરણ જાળવણી પ્રત્યે જાગૃતિ ફેલાવી છે. તેમણે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પર્યાવરણ સભાઓ, પોસ્ટર સ્પર્ધાઓ અને જળસંરક્ષણ અભિયાન — દ્વારા સંદેશો પહોંચાડ્યો છે કે પર્યાવરણનું રક્ષણ આપણા ભવિષ્ય માટે અનિવાર્ય છે.તેમના સાહસ અને સતત પ્રયત્નોને ધ્યાનમાં લઈને તેમને "નવા પર્યાવરણ સંરક્ષક" તરીકે પસંદ કરી એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.આ સન્માનથી બીજા વિદ્યાર્થીઓ અને શાળાઓમાં પણ પર્યાવરણ માટે કાર્ય કરવાની પ્રેરણા મળશે. આવી ઘટનાઓ દ્વારા સમાજમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વધારે તેવો આશય છે.

## ભગવાન શિવના ભક્તો માટે ખુશખબર; ૫ વર્ષ બાદ ફરી શરૂ થશે કૈલાશ માનસરોવર યાત્રા



નવી દિલ્હી,

ભગવાન શિવ ના ભક્તો માટે ખૂબ મોટા અને સારા સમાચાર આવ્યા છે, પાંચ વર્ષના લાંબા સમયના અંતર પછી પવિત્ર કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરુ કરવામાં આવશે. વિદેશ મંત્રાલયે યાત્રા માટે અરજી પ્રક્રિયા શરુ કરી છે. યાત્રિકો રૅ:/ /હ્વઅ.ર્ષ્ઠદૃ.ૈહ પર જઈને અરજીઓ કરી શકે છે. વિદેશ મંત્રાલયે આ યાત્રા માટે દ્વાર ખોલ્યા છે. કૈલાશ માનસરોવર યાત્રાનું આયોજન આ વર્ષે જૂનથી ઓગષ્ટ મહિનાની વચ્ચે કરવામાં આવશે. આ યાત્રામાં ૭૫૦ જેટલા યાત્રીઓ જ પવિત્ર સ્થળે જઈ શકશે.

આ વર્ષે પવિત્ર કૈલાશ માનસરોવર યાત્રા માટે ઉત્તરાખંડ રાજયથી ૫ બેચ (દરેકમાં ૫૦ યાત્રાળુઓ) લિપુલેખ પાસ થઈને મુસાફરી કરશે અને ૧૦ બેચ (દરેક ૫૦ યાત્રાળુઓ) સિક્કિમ રાજયથી નાથુ લા પાસ થઈને યાત્રા કરશે. યાત્રાળુઓની પસંદગી વિદેશ મંત્રાલય દ્વારા એક ન્યાયી પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે અને તેમને અલગ અલગ રૂટ અને બેચ ફાળવવામાં આવશે. કોમ્પ્યુટરાઈઝ્ડ પ્રક્રિયા દ્વારા મુસાફરોને ફાળવવામાં આવેલ રૂટ અને બેચ સામાન્ય રીતે બદલાશે નહીં. જોકે, જો જરૂરી જણાશે તો પસંદ કરેલા યાત્રાળુઓ બેચમાં ફેરફાર માટે વિનંતી કરી શકે છે. આ ફેરફાર ફક્ત ત્યારે જ થઈ શકે છે જો ખાલી જગ્યા ઉપલબ્ધ હોય. આ બાબતે મંત્રાલયનો નિર્ણય અંતિમ રહેશે.

## ભારતે ૧,૦૦૦ સેકન્ડથી વધુ સમય માટે સ્ક્રેમજેટ એન્જિન નામના ખાસ પ્રકારના એન્જિનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું

નવી દિલ્હી,

ભારતની સૈન્ય શક્તિ અનેકગણી વધી જાય એવી સિદ્ધિ 'સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન' (ડ્ઢઇર્ડ્ઢ - ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) દ્વારા મેળવવામાં આવી છે અને આ સિદ્ધિ છે અત્યંત ઝડપી મિસાઈલો વિકસાવવામાં મદદરૂપ થાય એવા એન્જિનના પરીક્ષણમાં સફળતા મેળવવી! ભારતે ૧,૦૦૦ સેકન્ડથી વધુ સમય માટે સ્ક્રેમજેટ એન્જિન નામના ખાસ પ્રકારના એન્જિનનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે.

ડીઆરડીઓ ની આ સફળતા આધુનિક શસ્ત્રો બનાવવાની ટેક્નોલોજીમાં ભારતની પ્રગતી દર્શાવે છે. ૨૫ એપ્રિલના રોજ હાંસિલ કરાયેલી આ સિદ્ધિ ડ્ઢઇર્ડ્ઢ ની હૈદરાબાદ સ્થિત પ્રયોગશાળા 'સંરક્ષણ સંશોધન અને વિકાસ પ્રયોગશાળા' (ડ્ઢઇડ્ઢન્ - ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી), વિવિધ કંપનીઓ અને કોલેજો વચ્ચેના સહયોગનું પરિણામ છે. હૈદરાબાદમાં નવી બનેલી અત્યાધુનિક 'સ્ક્રેમજેટ કનેક્ટ ટેસ્ટ ફેસિલિટી' (જીઝ્રૅ) ખાતે ૧૦૦૦ સેકન્ડથી વધુ સમય સુધી સક્રિય રીતે ઠંડા કરાયેલા 'સ્ક્રેમજેટ સબસ્કેલ કમ્બસ્ટર'નું ગ્રાઉન્ડ ટેસ્ટિંગ સફળતાપૂર્વક કરાયું હતું.'હાઈપરસોનિક ક્રુઝ મિસાઈલો' (ૐઝ્રસ) એવા શસ્ત્રો છે જે અવાજની ગતિ કરતા પાંચ ગણી (૬,૧૦૦ કિમી પ્રતિ કલાકથી વધુ) ઝડપે લાંબા અંતર સુધી ઉડી શકે છે. આ મિસાઈલો ખાસ એન્જિન દ્વારા સંચાલિત થતાં હોય છે, એવા એન્જિનો જે હવામાં હાજર ઓક્સિજનનો ઉપયોગ કરીને ચાલે છે. આ સફળતા મળતાં ભારતે 'એક્ટિવ કૂલ્ડ સ્ક્રેમજેટ ટેક્નોલોજી' સાથે હાઈપરસોનિક મિસાઈલોના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. આ એક સ્વદેશી ઈંધણ સંચાલિત મિસાઈલ છે. અમેરિકા, ચીન અને રશિયા જેવા વિશ્વના અમુક જ દેશો પાસે હાઈપરસોનિક મિસાઈલ ટેક્નોલોજી છે. આ દેશોના લિસ્ટમાં હવે ભારતનું નામ પણ સામેલ થયું છે, એ આપણા માટે ગૌરવની વાત કહેવાય.

## આરએસએસ પ્રમુખ મોહન ભાગવતનું અત્યાચાર કરનારાઓને પાઠ ભણાવવા આહ્વાન

નવી દિલ્હી,

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા ભયંકર આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં અત્યાચારીઓ (આતંકીઓ) વિરુદ્ધ ખૂબ રોશ ભરાયેલો છે ત્યારે હવે આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે પણ અત્યાચાર કરનારાઓને પાઠ ભણાવવા આહ્વાન કર્યું છે. તેમણે કહ્યું છે કે, 'અત્યાચારીઓને પાઠ ભણાવવો એ જ અમારો ધર્મ છે.'

આ મામલે મોહન ભાગવતે કહ્યું હતું કે, 'અત્યાચારીઓને પાઠ ભણાવવો હિંસા નથી પણ અહિંસા છે. અહિંસા આપણો ધર્મ છે, પરંતુ અત્યાચાર કરનારાઓને ધર્મ શીખવવો પણ જરૂરી છે. આપણે ક્યારેય આપણા પડોશીઓને નુકસાન પહોંચાડતા નથી. તેમ છતાં જો તે સતત ખોટા રસ્તા પર ચાલે તો રાજાનું કર્તવ્ય છે કે તે પ્રજાનું રક્ષણ કરે. રાજા પોતાનું કામ કરશે, અમને મજબૂત કાર્યવાહીની અપેક્ષા છે. ખરેખર એક સાચા અહિંસક વ્યક્તિએ મજબૂત બનવું પડશે. જો તાકાત નહીં બતાવી તો તેઓ તેનો ફાયદો ઉઠાવશે. આપણે આપણી તાકાત બતાવવી પડશે અને તેમને પાઠ ભણાવવો પડશે.'

સાથેજ તેમણે તેવું પણ કહ્યું હતું કે, 'આ હુમલો એ યાદ અપાવે છે કે આ ધર્મ અને અધર્મ વચ્ચેની લડાઈ છે. લોકોની તેમનો ધર્મ પૂછીને હત્યા કરવામાં આવી. હિન્દુઓ ક્યારેય આવું નહીં કરે. આ આપણો સ્વભાવ નથી. દ્વેષ અને દુશ્મનાવટ આપણી સંસ્કૃતિમાં નથી, પરંતુ ચૂપચાપ સહન કરવું પણ આપણી સંસ્કૃતિ નથી. આપણા હૃદયમાં પીડા-દુઃખ છે. આપણે ગુસ્સામાં છીએ. આ દુષ્ટ પાપીઓને ખતમ કરવા માટે આપણે આપણી તાકાત બતાવવી પડશે.'

વધુમાં મોહન ભાગવતે જણાવ્યું હતું કે, 'રાવણનો પણ વધ કરવામાં આવ્યો હતો. કારણકે, તેણે પોતાનું મન બદલવાનો ઈનકાર કર્યો હતો. કોઈ વિકલ્પ જ બચ્યો ન હતો. ભગવાન રામે તેને સુધરવાની તક આપી હતી, પરંતુ તે સુધર્યા નહીં, અને તેમનો વધ કરવામાં આવ્યો.'

## ઈરાનના બંદર અબ્બાસ શહેરના પોર્ટ પર ભયાનક વિસ્ફોટ અને આગ લાગવાની ઘટના; ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત

તા. ૨૬

ઈરાનના બંદર અબ્બાસ શહેરના પોર્ટ પર એક ભયાનક વિસ્ફોટ બાદ આગ લાગવાની ઘટના બની છે. આ ધડાકામાં ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. અધિકારીઓએ વિસ્ફોટ ભયાનક હોવાનું કહ્યું છે. ઈરાની મીડિયા રિપોર્ટ મુજબ વિસ્ફોટમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોની સંખ્યા ૪૦૬ પર પહોંચી ગઈ છે. ઘાયલોમાંથી અનેક લોકોને હોર્મોજગાન પ્રાંતની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ ઘટના અંગે પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન અધિકારી મહેરદાદ હસનઝાદેહે કહ્યું કે, 'રાજઈ પોર્ટ સ્થિત કન્ટેનરોમાં વિસ્ફોટ થયો છે. ઘટનાસ્થળે ચોતરફ અફરાતફરી મચી છે. અહીં એમ્બ્યુલન્સોની ટીમો દોડાવાઈ છે. આ ઉપરાંત રાહત અને બચાવ દળે પણ ઘટના સ્થળે પહોંચી બચાવની તામકાગીરી પૂરજોશમાં શરૂ કરી દીધી છે. જ્યારે પોલીસની ટીમ સહિત અન્ય ટીમો દ્વારા આસપાસની જગ્યાઓ ખાલી કરાવી રહ્યા છે.

આ ઘટના મામલે મીડિયા સૂત્રો થકી મળતી માહિતી અનુસાર, સોશિયલ મીડિયા પર વિસ્ફોટના અનેક વીડિયો વાયરલ થઈ રહ્યા છે. વીડિયોમાં આકાશમાં ભયાનક કાળા ધૂમાળા જોવા મળી રહ્યા છે. રાજઈ પોર્ટ પર મુખ્યરૂપે કન્ટેનરનો ટ્રાફિક સંભાળવાની કામગીરી થાય છે. અહીં ક્રૂડ ઓઈલ અને પેટ્રોકેમિકલ સહિતના ટેક્રો હોવાથી વિસ્ફોટ બાદ ખૂબ જ તકેદારી રાખવામાં આવી રહી છે. વિસ્ફોટ બાદ આગ વધુ વિકરાળ બનવાનો ખતરો ઉભો થયો છે. વિસ્ફોટના કારણે પોર્ટ પર સંપૂર્ણ કામગીરી બંધ થઈ ગઈ છે.

## ઊનામા ભગવાન પરશુરામ નો જન્મોત્સવ સાદગી પૂર્વક ઉજવણી કરવામાં આવશે

( હિતેષ જોષી દ્વારા )

ઊના શહેર મા દર વરસે વિષ્ણુ ભગવાન નો છઠ્ઠો અવતાર શ્રી, પરશુરામ ભગવાન નો જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાય છે. પરંતુ આ વખતે તાજેતર મા કાશ્મીર ના પહેલગાવ માં આંતકવાદીઓ દવારા નિર્દોષ પ્રવાસીઓ ઉપર હુમલો કરતા ૨૬ પ્રવાસીઓ મૃત્યુ પામ્યા હતા અને ઘણા ઈજાઓ પામેલ છે. તેથી આગામી તા.૨૯/૪/૨૫ ને મંગળ વારે પરશુરામ જન્મ મહોત્સવમાં શોભાયાત્રા, ડીજે,ફટાકડા વગેરે ના કાર્યક્રમ બંધ રાખી સાદગી પૂર્વક ઉજવણી કરવાનું સામુહિક રીતે નક્કી થયું છે.સમસ્ત બ્રહ્મસમાજ પ્રમુખ વિજયભાઈ જોશી અને પરશુરામ યુવા સસ્થાન ના પ્રમુખ હરેશભાઈ જોશી ના માર્ગદર્શન સાથે એક મિટિંગ શ્રી, પરશુરામ યુવા સંસ્થાન, શ્રી,સમસ્ત બ્રહ્મ સમાજ, શ્રી,સમૂહ લગ્ન સમિતિ, શ્રી,બ્રહ્મ કર્મચારી મંડળ ઊના , શ્રી, ઉન્નત પુરમ સંસ્કૃત પાઠ શાળા દ્વાર યોજવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ કે પરશુરામ જન્મ ઉત્સવ તા.૨૯/૪/૨૫ ને મંગળવારની શોભા યાત્રા રદ કરી સાંજે ૬ કલાકે ઊના ની કન્યા વિદ્યાલયના સંકુલમા શ્રી, પરશુરામ ભગવાનનું પૂજન, આરતી બાદ પહેલગાવમાં મૃત્યુ પામેલ પ્રવાસીઓને બે મિનિટ મૌન પાળી શ્રધાંજલિ આપવામા આવશે. ત્યાર બાદ દાતાઓ,વગેરેનું સન્માન બાદ સમૂહ મહાપ્રસાદ યોજાશે .


## સુરતમાં વધુ ૧૦૯ શંકાસ્પદ બાંગ્લાદેશી ઝડપાયા

ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતાં વિદેશી નાગરિકોને શોધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં પોલીસ દ્વારા અમદાવાદ અને સુરત શહેરમાં દરોડા પાડીને લગભગ એક હજારથી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા તમામ બાંગ્લાદેશી લોકોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે, ત્યારે રવિવારે (૨૭ એપ્રિલ, ૨૦૨૫) સુરતમાં વધુ ૧૦૯ શંકાસ્પદ બાંગ્લાદેશી શખ્સો ઝડપાતા સુરતમાંથી કુલ ૨૩૯ લોકોની અટકાયત કરવામાં આવી છે.

રાજયના અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના જિલ્લામાં ગેરકાયદે રહેતા લોકોની પોલીસ દ્વારા અટકાયત કરીને જરૂરી ડોક્યુમેન્ટ ચકાસવામાં આવી રહ્યા છે, ત્યારે રાજયમાં ૧૦૦૦થી વધુ બાંગ્લાદેશી નાગરિક ઝડપાયા છે. જેમાં સુરત ગ્રામ્ય જિલ્લા પોલીસ, ન્ઝ્રમ્, જીંય્ સહિતના પોલીસકર્મી-અધિકારીની ૧૨ ટીમ દ્વારા સુરત જિલ્લામાં વસવાટ કરતાં કુલ ૨૩૯ શંકાસ્પદ બાંગ્લાદેશી લોકો ઝડપી પાડવામાં આવ્યા છે.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**: NOG NO.0059**
વિષય કહેવાય નહીં
પ્રકાર હાઈકુ નવ

ખાતમો થસે
આતંક નો જરૂર
છે ચૂપ મોદી !

આતંકી બધા
કાયર ના ગૂલામ
મારે નિર્દોષ !

આતંકવાદી
ન બહાદુરી ,માર્યા
જે,શસ્ત્રહિન !

વિશ્ર્વાસ સાથે
કહેલ વાત કદી
ન કહેંવાય

કંહેવી નંહી
તેને કંહેવી નંહી
અંગત વાત !

છૂપી રાખવી
અઘરી છે કોઈની
ખાનગી વાત

જગ જાહેર
વાત આવી બહાર
બોલુ નહીં હું !

તમને કરે
કોઈ ખાનગી વાત
રાખો પેટમા

દેશ દ્રોહિઓ
તમે કાયર, લડો
ધર્મ ના નામે !

લેખક : જયકાન્ત ઘેલાણી..પ્યારે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**: NOG SS NO - 191**
વિષય : કહેવાય નહી...
શીર્ષક : એવા કેટલાય દર્દો .....
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૧૨

કેટલાય એવા દર્દો હોય છે જે કોઈને કહેવાય નહી,
સળગતા હોય છાતીમાં પણ એને ઠારી શકાય નહી.

મૌન રહો તો પણ બતાવી આપે આંખોના અણસારા,
હૈયે થી આવી અટકે હોઠ પર, તો પણ બોલાય નહી.

મૃત્યુ એ કોઈ હલ નથી મુશ્કેલીઓ કે મુસીબતો નો,
ઝેર પી ને પણ જીવવું પડે એમ કંઈ મરી જવાય નહી.

નમક લઈ ને બેઠા છે લોકો આ જગતના રાહ જોઈને
જખ્મો તો ભૂલેચૂકે પણ જમાના આગળ ખોલાય નહી.

શરીર પર ના ઘાવ તો સહી લઈએ હસતા હસતા પણ,
એકવાર કાળજે લાગ્યા હોય શબ્દોના ડામ ભુલાય નહી.

દફન કરી હોય છે કેટલીય આરજુ શમણાંના સ્મશાનમાં,
"મિત્ર" ચાહો તો પણ જીંદગી પહેલા જેવી જીવાય નહી.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No.: 0141***
★વિષયઃ "કહેવાય નહીં"★
★શીર્ષકઃ "પચી પચા માટે!"★
★પ્રકારઃ પદ્ય/અછાંદસ સોનેટ★ ★શબ્દોઃ ૧૩૪★
ભારે ભૂંડો, બપોર ધખતો, ચકલુંય ફરકી રે'ના;
ઝંપ્યા નીર, ના કોઈ હલે, ને શાંત પર્ણ વૃક્ષોનાં!

માળી છાંટતો જળ, મુરઝાય ના, ફૂલ કો છાબે;
એવે સારું, હું પણ મારું, લઈ સાધન પૈડાનું બે!

ધીમી ગતિમાં, ઉતાવળ છતાં, હુંય ખુલ્લા માથે,
ચિંતા વિના, એકલ સરતો સર, નોતું કોઈ સાથે!

ત્રિભેટે પર, ઓઠે રહીને, સૈનિક શાંત ઊભા'તા;
વટેમાર્ગુ સૌ, નિશ્ચિંત થઈ, રસ્તે વહ્યા જતા'તા!

ઊભો રે' તું, નથી જાણતો? આ છે કાર્ય ગુનાનું?
ને તેથી લૈ, પહેર્યું નથી શું, શિરસ્ત્રાણ શિર પરનું?

મુંગો રહીને, આંગળી કરી, ભંડકી ખોલી નાખેલી;
માથા પર મેં, કરીને સાન, કંઈ કહેવાય નહીં બેલી!

જુઓ જાઉં છું, ભયંકર હાલ, દવાખાને ગર્દ છે;
જૂઠું બોલ્યો, પચી પચા માટે, કે માથામાં દર્દ છે!
: રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**,NOG SS No : 150**
વિષય : કહેવાય નહિ
શીર્ષક : કહેવાય નહિં
પ્રકાર : પદ્ય ગઝલ
શબ્દો : ૮૭

મન મહીં જે હોય , એ કહેવાય નહિ;
ને મગજ પર ભાર પણ વેઠાય નહિ.

વાત અંગત રાખવાની હોય જે;
એ બધા વચ્ચે કદી ચર્ચાય નહિ.

ના વચન આપો, જે પાળી ના શકો;
જો કદી આપો, પછી તોડાય નહિ.

છો રહસ્યો જાણતાં હો એમનાં;
એકસાથે એ બધાં ખોલાય નહિ.

કાયદાનો પણ અમલ કરવો પડે;
એને તોડીને પછી છટકાય નહિ.

ઓઢણી ખેંચે કે ફોડે માટલી;
એની લીલા તો કદી સમજાય નહિં.

દેવેન્દ્ર જોશી...મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**
વિષયઃ- કહેવાય નહીં
શીર્ષકઃ- આજની પેઢી
પ્રકારઃ- પદ્ય. શબ્દોઃ- ૩૩

ઉછરતી લાડકોડમાં એ,
માંગ્યું મળે હાથ વેંતમાં!
કરે પુરી ઈચ્છા એની સૌ,
માતા પિતા એનાં ધનવાન!
મોબાઈલ, એસી, ટીવી, ગેમ્સ,
છૂટે ન એનાથી સગવડતા!
છતાંય નબળી માનસિકતા એની,
કહેવાય નહીં કશુંય આજની પેઢીને!

સ્નેહલ જાની, સુરત

# બિલાવલ ભુટ્ટો ઝરદારીએ સિંધુ જળ સંધિ વિવાદ પર ઉશ્કેરણીજનક ટિપ્પણી કરતા કહ્યું, નદીમાં લોહી વહેશે

ઈસ્લામાબાદ,

ભારત દ્વારા જમ્મુ-કસમીરના પહાલગામમાં થયેલ આતંકી હુમલા બાદ લેવામાં આવેલ કડક પગલાં ના કારણે પાકિસ્તાનના મોટા નેતાઓના હોશ ઉડી ગયા છે તથી હવે તેમણે ઝેર ઓકવયનું ચાલુ કરી દીધું છે. આ સંદર્ભમાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી) ના પ્રમુખ અને વડા પ્રધાન શાહબાઝ શરીફના સાથી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ સિંધુ જળ સંધિ વિવાદ પર ઉશ્કેરણીજનક ટિપ્પણી કરી અને કહ્યું કે નદીમાં લોહી વહેશે.

ઝરદારીએ એક જાહેર રેલીમાં કહ્યું કે હું આ સિંધુ નદી સાથે ઉભો છું અને ભારતને સંદેશ આપું છું કે સિંધુ નદી અમારી છે, કાં તો અમારું પાણી આ નદીમાં વહેશે અથવા તમારું લોહી વહેશે.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખે કહ્યું કે ભારતે પહલગામ હુમલા માટે પાકિસ્તાનને દોષી ઠેરવ્યું છે. પોતાની નબળાઈઓ છુપાવવા અને પોતાના લોકોને મૂર્ખ બનાવવા માટે, (ભારતીય વડા પ્રધાન) મોદીએ ખોટા આરોપો લગાવ્યા છે અને સિંધુ જળ સંધિને એકપક્ષીય રીતે સ્થગિત કરી દીધી છે, જેના હેઠળ ભારતે સ્વીકાર્યું છે કે સિંધુ પાકિસ્તાનની છે. હું અહીં સુક્કુરમાં સિંધુ નદી પાસે ઊભો રહીને ભારતને કહેવા માંગુ છું કે સિંધુ અમારી છે અને અમારી જ રહેશે, પછી ભલે આ સિંધુમાં પાણી વહે કે તેમનું લોહી.

# પાકિસ્તાની સેનાના પ્લેન લેન્ડીંગ સમયે એરપોર્ટ પર ભીષણ આગ; લાહોર એરપોર્ટ પર અંધાધૂંધી મચી ગઈ

પાકિસ્તાનના લાહોરમાં સેનાના વિમાનના લેન્ડિંગ સમયે એરપોર્ટ પર ભીષણ આગની ઘટના સામે આવી છે. આ ઘટનાને પગલે હડકંપ મચી જવા પામ્યો છે. તાજેતરમાં પાકિસ્તાની સેના દ્વારા એરપોર્ટનો કબ્જો લઇ લેવામાં આવ્યો છે. એકાએક લાગેલી આગને પગલે તરહ તરહના સવાલોએ સ્થાન લીધું છે.

પાકિસ્તાન આર્મીના વિમાનના લેન્ડિંગ દરમિયાન ટાયરમાં આગ લાગી જતાં લાહોર એરપોર્ટ પર અંધાધૂંધી મચી ગઈ હતી. બધી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. આગને કાબુમાં લેવા માટે ફાયર એન્જિન બોલાવવામાં આવ્યા હતા અને રનવે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો હતો. મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો.

આ મામલે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પાકિસ્તાન આર્મીનું એક વિમાન લાહોર એરપોર્ટ પર ઉતરી રહ્યું હતું. આ દરમિયાન ટાયરમાં આગ લાગી ગઈ. આગને કાબુમાં લેવા માટે ફાયર એન્જિન બોલાવવામાં આવ્યા હતા. આ ઘટના બાદ રનવેને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યો છે. પાકિસ્તાની સેનાએ નિયંત્રણ મેળવી લીધું છે. લાહોર એરપોર્ટે સૂચનાઓ જારી કરી છે કે આગામી આદેશો સુધી કોઈ પણ ફ્લાઇટ ઉડાન ભરશે નહીં અને જે ફ્લાઇટ્સ લેન્ડ થવાની હતી તેમને પણ તેમનો રૂટ બદલીને બીજી જગ્યાએ જવાનો આદેશ આપવામાં આવ્યો છે. જોકે, હજુ સુધી એ જાણી શકાયું નથી કે વિમાનના પૈડામાં આગ કેવી રીતે લાગી. હાલમાં આ મામલાની તપાસ ચાલી રહી છે. પાકિસ્તાનના લાહોરના અલ્લામા ઇકબાલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર આવી ઘટના પહેલીવાર બની નથી. ગયા વર્ષે, ૯ મે, ૨૦૨૩ના રોજ, એરપોર્ટના ઇમિગ્રેશન કાઉન્ટરની છતમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. આ ઘટનાથી સમગ્ર ઇમિગ્રેશન સિસ્ટમ ઠપ્પ થઈ ગઈ અને મુસાફરોને ભારે અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો.

આ આગ નો બનાવ માત્ર એરપોર્ટ જ નહીં, પાકિસ્તાનનો ઉડ્ડયન સલામતી રેકોર્ડ પણ ઘણા પ્રશ્નો ઉભા કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા મોટા અકસ્માતો થયા છે.

# લંડનમાં પાકિસ્તાની અધિકારીની શરમનાક કરતૂત; પાક. દૂતાવાસના અધિકારીએ ગળું કાપી નાખવાની ધમકી આપી

લંડન,

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા ક્રૂર આતંકવાદી હુમલા બાદ, વિશ્વભરમાં ભારતીય સમુદાય ગુસ્સે છે અને પાકિસ્તાન સામે વિરોધ કરી રહ્યો છે ત્યારે લંડનમાં પાકિસ્તાની દૂતાવાસના અધિકારીએ લાજશરમ નેવે મૂકી દેખાવો કરી રહેલા ભારતીયોને ગળું કાપી દેવાનો ઈશારો કર્યો છે. લંડનમાં પહલગામમાં ૨૬ લોકોની બર્બરતાપૂર્વક હત્યા બદલ પાકિસ્તાન દૂતાવાસની બહાર ભારત વિરોધ-પ્રદર્શન કરી રહ્યા હતાં. એક પાકિસ્તાની અધિકારીએ આ વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોને ગળું કાપી દેવાનો ઈશારો કરી પાછા હટી જવા કહ્યુ હતું. આટલું જ નહીં તેણે અભિનંદન વર્ધમાનની ચા સાથે એક તસવીર પણ હાથમાં લઈ તેને વારંવાર બતાવી રહ્યો હતો. જેને તે વારંવાર જોઈ રહ્યો હતો. લંડનમાં પાકિસ્તાની દૂતાવાસની બહાર મોટી સંખ્યામાં ભારતીયો હાથમાં ઝંડા લઈને દેખાવો કરી રહ્યા હતાં. તેઓ નિર્દોષોની હત્યા પર દુ:ખ વ્યક્ત કરતાં પાકિસ્તાન વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરી રહ્યા હતાં. પીડિતો માટે ન્યાયની માગ કરી રહ્યા હતા. પરંતુ પાકિસ્તાન દૂતાવાસના એક અધિકારી કર્નલ તૈમુર રાહતે શર્મસાર કરતી હરકત કરી હતી. જેનો વીડિયો વાઈરલ થતાં આકરી ટીકાઓ થઈ રહી છે.આતંકવાદનો સમર્થક પાકિસ્તાનની વિશ્વભરમાં ટીકાઓ થઈ રહી છે.

# પ્રવાસીઓ પર આતંકી હુમલા વખતે જમ્મુ-કાશ્મીરમાં ફસાયેલા ૨૦ જેટલા લોકો વડોદરા પહોંચ્યા

વડોદરા,

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ બે દિવસ શ્રીનગરમાં અટવાઈ ગયેલા વડોદરાના ૨૦ જેટલા પ્રવાસીઓનો સમૂહ આજે વડોદરા પરત ફર્યું હતું. વતનની ધરતી પર પગ મૂકતાની સાથે ઘણાની આંખો ભીની થઇ ગઇ હતી. રેલવે સ્ટેશન પર લેવા માટે આવેલા સબંધીઓ પણ તેમને ખુશીથી ભેટી પડયા હતા. પરત આવેલા પ્રવાસીઓ તથા તેમના પરિવારોએ રાહતનો શ્વાસ લીધો છે. પ્રવાસીઓ સર્વેનું કહેવું છે કે, સ્થાનિકો દ્વારા અમને ખુબ સપોર્ટ કરવામાં આવ્યો છે.

જમ્મુ-કાશ્મીરથી પરત આવેલા એક મહિલા પર્યટકે કહ્યું હતું કે, અમે ભગવાનનો આભાર માનીએ છે. આતંકવાદી હુમલો થયો ત્યારે અમે શ્રીનગરના શાલીમાર બાગમાં હતા. જેમ જેમ હુમલાના સમાચાર સામે આવતા ગયા હતા તેમ તેમ શ્રીનગરમાં ગભરાટ વધતો ગયો હતો. સ્કૂલો અને બજારો બંધ થઈ ગયા હતા અને લાલચોકમાં આ હુમલાના વિરોધમાં પ્રદર્શન થયું હતું. ભારતીય સેનાનો ઘણો સપોર્ટ મળ્યો. સ્થાનિક લોકો પણ હુમલાના વિરોધમાં હતા અને તેમણે પણ પ્રવાસીઓને મદદ કરી હતી. આતંકવાદી હુમલામાં નિર્દોષોનો જીવ ગયા છે. આ સારી વાત નથી. સરકારે ઈંટનો જવાબ પથ્થરથી આપવો જોઈએ.

અન્ય મહિલાએ જણાવ્યું કે, આતંકી હુમલાની ઘટના બાદ અમે ડરી ગયા હતા. ત્યાં કરફ્યુ લાગી ગયા હતા. અમે અમારી હોટલમાં સુરક્ષિત હતા. અમે રૂ. ૨૫ હજાર ખર્ચીને જમ્મુ આવ્યા હતા. ત્યાંના લોકો ખુબ સારા છે, અમને ઘણો સપોર્ટ કર્યો હતો. અમને જમવા અને રહેવા માટે તેઓ બોલાવતા હતા. અમારા સંતાનો ચિંતા કરતા હતા. હવે ઘરે આવીને ઘણી રાહત અનુભવી રહ્યા છે.

# શ્રેષ્ઠ રાષ્ટ્રનાં નિર્માણની સાથે દેશને વિશ્વની ૩જી અર્થવ્યવસ્થા બનાવવામાં યોગદાન આપોઃ કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા

અમદાવાદ,

શનિવારે સમગ્ર દેશમાં ૪૭ સ્થળોએ આયોજિત ૧૫માં રોજગાર મેળામાં ૫૧ હજારથી વધુ યુવાઓને નિમણૂંક પત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુલી સંબોધન કર્યું હતું. જ્યારે અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીય રાજ્યમંત્રી, શ્રીમતી નિમુબેન બાંભણિયાએ ૨૯૬ જેટલા નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂંક પત્ર એનાયત કર્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતા રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૨ ઓક્ટોબર, ૨૦૨૨માં શરૂ કરેલી આ રોજગાર મેળાની પહેલનો આજે ૧૫મો મણકો છે. રોજગારનું સર્જન કરવાની પ્રધાનમંત્રીજીની સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં આ મહત્વનું પગલુંછે. તેમણે કહ્યું હતું



કે, મોદીજી ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યાનાં ૦૯ મહિનાની અંદર આ ત્રીજો રોજગાર મેળો છે. જેનો અર્થ એવો છે કે સરકાર યુવાઓને સતત રોજગારીની તકો આપી રહી છે. ૧૫માં રોજગાર મેળા દ્વારા આ યુવાઓને દેશભરની વિવિધ કેન્દ્રીય કચેરીઓમાં કામ કરવાની તક મળવાની છે. આપણે દેશભરનાં હજારો યુવાઓના જીવનમાં એક નવો અધ્યાય શરૂ કરવા જઈ રહ્યા છીએ. આજનો દિવસ અહીં ઉપસ્થિત દરેક યુવા અને તેમના પરિવાર માટે ખાસ દિવસ હોવાનું જણાવી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અહીં નિમણૂંક પત્ર મેળવનારા યુવાઓ માટે ૨૧મી સદીના ભારતની આકાંક્ષાઓ વધુ છે. તેમને પોતાની ફરજો પૂરી નિષ્ઠાથી, પ્રમાણિકતાથી અદા કરવા અને દેશને વિશ્વની ૩જી અર્થવ્યવસ્થા બનાવવાના લક્ષ્યમાં મજબૂત રીતે સમર્થન આપવાની સાથે જ શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવાની સલાહ આપી હતીઅમદાવાદમાં આયોજિત આ રોજગાર મેળા દરમિયાન ૨૯૬ જેટલા યુવાઓમાં ૫૦ મહિલા, ૦૬ દિવ્યાંગજનને નિમણૂંક પત્ર આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમાજનાં તમામ વર્ગને સમાન તક આપવા માટે સરકાર પ્રતિબદ્ધ છે.

આ મેળા દરમિયાન આયકર વિભાગ, રેલવે, ટેલિકોમ વિભાગ, શ્રમ વિભાગ, પોસ્ટ વિભાગ, જાહેર બેંક, ઈપીએફઓ, ઉચ્ચ શિક્ષણ, કોસ્ટગાર્ડ અને એનસીસી જેવા વિવિધ વિભાગો માટેનાં નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં પહલગામની આતંકવાદી ઘટનાનાં ભોગ બનેલા પર્યટકો માટે મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મેયર પ્રતિભા જૈન, સાંસદ નરહરિ અમીન, દિનેશ મકવાણા, હસમુખ પટેલ, ધારાસભ્યો દર્શનાબેન વાઘેલા, કૌશિક જૈન, દિનેશ કુશવાહા, બાબુ સિંહ જાદવ, અમિત ઠાકર તેમજ આયકર વિભાગના અપર્ણા અગ્રવાલ, સુનિલ કુમાર સિંહ સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# એએમસીના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દરોડા

અમદાવાદ,

રાજયમાં આકરી ગરમી પડી રહી છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ્ર) આરોગ્ય વિભાગ પણ એલર્ટ મોડમાં આવી એક્શન લેવાની કામગીરી શરૂ કરી દીધી છે અને શહેરમાં છેલ્લા ૧ સપ્તાહથી ઝુંબેશ શરૂ કરી છે. જેમાં આરોગ્ય વિભાગે છેલ્લા એક અઠવાડિયામાં અખાદ્ય પદાર્થો સહિતના મુદ્દે ૩૪૯ એકમને નોટિસ ફટકારવામાં આવી છે અને વિવિધ એકમો પાસેથી રૂ.૨.૩૫ લાખથી વધુનો દંડ પણ વસુલવામાં આવ્યો હતો.

અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં છસ્ઝ્રના આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં આરોગ્ય વિભાગે ૯૧૬ ખાદ્ય પદાર્થોના સેમ્પલ લીધા હતા. જેમાંથી અખાદ્ય પદાર્થો મામલે વિવિધ એકમો પાસેથી રૂ. ૨.૩૫ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો. તેમજ ૬૦૦ કિલોગ્રામથી વધુનો અખાદ્ય પદાર્થના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે ૧૯૩ સ્થળે તેલની ગુણવતા ચેક કરવા માટે આરોગ્ય વિભાગે્ઁઝ ટેસ્ટ કર્યા હતા. અમદાવાદ મહાનગરપાલિકાએ શુક્રવારે (૨૫ એપ્રિલ, ૨૦૨૫) શહેરના કર્ણાવતી ક્લબની સામે આવેલી દુકાનો અને કોમર્શીયલ શેડના એકમોમાં ચાલતી ધંધાકીય પ્રવૃત્તિથી ત્યાં આવતા લોકો પાર્કિંગ જાહેર રસ્તા પર કરતાં હોવાથી અવર-જવર કરનારા લોકોને મુશ્કેલી ભોગવવી પડે છે.જેને લઈને છસ્ઝ્ર દ્વારા ૧૨ દુકાનોને સીલ કરી દેવામાં આવી છે. મહત્વનું છે કે, જ્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શહેરના બાતમીના આધારે ખોખરા અને દાણીલીમડામાં તપાસ આદરી હતી. જેમાં ખોખરામાં કોહિનુર સ્ટોરમાંથી ૨૬ ડુપ્લીકેટ કપાસિયા તેલના ડબ્બા મળી આવ્યા હતા.

# સિધ્ધપુર તાલુકાના ગાગલાસણ ગામે શાન્તાબાનુ જીવન પર્વ ઉજવાયું



જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ જશુભાઈ પટેલના માતૃશ્રી શાન્તાબાના જીવનના વિવિધ પ્રંસગોમાં પ્રાપ્ત થયેલા સુખદ ક્ષણોની સ્મુતિને માણવા અને હૃદયમાં અંકિત થયેલી લાગણી ને અભિવ્યક્ત કરવા માટે " ×જીવન પર્વ× અને ×સ્નેહમિલન× કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું

આ પ્રસંગે માન. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત રહી વડીલોના આશીર્વાદ મેળવ્યા તેમજ વિવિધ સમાજના આગેવાનો સાથે શુભેચ્છાની આપ લે કરી બલવંતસિંહ રાજપૂતે શાન્તાબાના સુપુત્રો જશુભાઈ પ્રભુદાસ પટેલ, શૈલેષભાઈ પટેલ અને ભરતભાઈ પટેલને જીવન પર્વ ઉજવવા બદલ ધન્યવાદ પાઠવ્યા તેમજ વડીલોની અભિવ્યક્તિ માટે સમાજના રાહબર બનવા બદલ શુભેચ્છાઓ પાઠવી.આ પ્રસંગે કે સી પટેલ, નંદાજી ઠાકોર (પ્રદેશ ઉપાધ્યક્ષ), પૂર્વ ભાજપ પ્રમુખ દશરથસિંહ ઠાકોર, દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરી, શ્રી મુકેશભાઈ ચૌધરી - પ્રમુખ તાલુકા ભાજપ, વિષ્ણુભાઈ પટેલ - ચેરમેન એ.પી.એમ.સી સિધ્ધપુર, સ્નેહલભાઈ પટેલ - ચેરમેન એપીએમસી પાટણ, વાઘજી ભાઇ - એપીએમસી હારીજ, શંભુભાઈ દેસાઈ, સુરપાલસિંહ રાજપુત, દિલીપસિંહ ઠાકોર, જગદીશભાઈ પટેલ, વિષ્ણુભાઈ ચૌધરી, રણજીતસિંહ - ડિરેક્ટર દૂધસાગર ડેરી, પ્રહલાદભાઈ પટેલ, શ્રી વિનુભાઈ પ્રજાપતિ, હરિસિંહ ઠાકોર, વિજયસિંહ રાજપુત, શ્રી વિક્રમસિંહ ઠાકોર, પોલીસ અધિક્ષકશ્રી, અધિક કલેકટરશ્રી, ડી.વાય. એસ.પીશ્રી, પોલીસ ઇન્સ્પ ેક્ટરશ્રી, સંતશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, સમાજના આગેવાનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા

# જૈન આચાર્ય લોકેશજી પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં જંતર-મંતર ખાતે વિશાળ વિરોધમાં જોડાયા હતા




પહેલગામમાં આતંકવાદી ઘટનાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ અને વિવિધ ધાર્મિક સંગઠનો અને સંસ્થાઓ દ્વારા આયોજિત એક વિશાળ વિરોધ સભા અને પ્રદર્શનમાં અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય પ્રમુખ ડો. આલોકકુમાર તથા ઉપસ્થિત તમામ ધર્મના ધર્મગુરુઓએ સભાને સંબોધિત કરી અને ભારત સરકારને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા અંગે તાત્કાલિક કડક કાર્યવાહી કરવા ભારપૂર્વક અપીલ કરી હતી.

વિશ્વશાંતિ કેન્દ્રના સ્થાપક પ્રમુખ જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે આતંકવાદની સમસ્યાએ વિશ્વના લોકોમાં અનિશ્ચિતતા, ભય અને ભયનું વાતાવરણ સર્જ્યું છે. વિશ્વના દરેક દેશ અને દરેક ધર્મે એક મંચ પર ભેગા થવું પડશે અને આતંકવાદ સામે સંગઠિત પગલાં ભરવા પડશે. આચાર્ય લોકેશજીએ સરકારને કડક પગલાં ભરવાની અપીલ કરી હતી.

હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય પ્રમુખ ડો.આલોક કુમારે કહ્યું કે કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે, અહીં સુરક્ષા આપવાની જવાબદારી આપણી છે. પહેલગામમાં થયેલો હુમલો કોઈ સામાન્ય આતંકવાદી ઘટના નથી, આ એક સુનિયોજિત અને ઘાતકી હત્યા છે. આ હુમલો ભારતની સાર્વભૌમત્વ અને સમગ્ર માનવતા પર સીધો પ્રહાર છે.

દિલ્હી સંત મહા મંડળના મહાસચિવ મહંત નવલકિશોર દાસજીએ કહ્યું કે જ્યાં સુધી નિર્દોષ ભારતીયો પર આતંકવાદી હુમલા સામે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે ત્યાં સુધી ભારતનો સંત સમાજ ચૂપ નહીં બેસે. સમગ્ર સંત સમુદાય આતંકવાદનો સખત વિરોધ કરે છે.

બૌદ્ધ ધર્મના ડૉ.રાહુલ બૌધીએ કહ્યું કે ધર્મના માર્ગમાં હિંસા અને આતંકવાદ માટે કોઈ સ્થાન નથી. ભારતમાં તમામ ધર્મના અનુયાયીઓ તેમના ધર્મનું શાંતિપૂર્વક પાલન કરે છે. કાશ્મીરમાં આતંકવાદી હુમલો એ ભારતની એકતા અને અખંડિતતા માટે ઊંડો ફટકો છે.

વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા દેશના ખૂણે ખૂણેથી આવેલા સંતોએ સર્વસંમતિથી કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતો, સાધુઓ અને સામાન્ય લોકોના અવાજમાં ગુસ્સો હતો અને તેમની આંખોમાં ભીનાશ હતી. પ્રારંભમાં શહીદોના આત્માની શાંતિ માટે યજ્ઞ અને પ્રાર્થના કરવામાં આવી હતી.

# ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાબરકાંઠાનો રાજ્ય પુરસ્કાર એવોર્ડ વિતરણ સમારોહ કલેકટરશ્રી અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયો

નલિનકાન્ત ગાંધી ટાઉન હોલ હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા રાજ્ય પુરસ્કાર એવૉર્ડ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ભારતવાસીઓની આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યાર બાદ પેટ્રન અને કલેકટર શ્રી નું સ્વાગત સ્કાઉટ ગાઈડ કલર પાર્ટી દ્વારા પરેડ કરી ને કરવામાં આવ્યું હતું. જિલ્લા સ્કાઉટ કમિશ્નર નીતિનભાઈ ગુર્જર દ્વારા વર્ષ દરમ્યાન થયેલ સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિઓનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. રાયગઢ એન.જી.જોષી હાઈસ્કુલ દ્વરા સ્વાગત ગીત અને દેમતી મેરા પ્રાથમિક શાળાના સ્કાઉટ બાળકો દ્વારા રાસ રજૂ કરવામાં આવ્યો હતો. મંચસ્થ મહેમાનોનું સ્કાર્ફ વોગલ અને ફૂલછડી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું જિલ્લાના પેટ્રન અને કલેકટર શ્રી નારાયણ સિંઘ સાદું સાહેબ દ્વારા વર્ષ -૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ ના કુલ ૧૧૦ બાળકો ને રાજ્ય પુરસ્કાર એવોર્ડ થી સન્માનવામાં આવ્યા હતા. સી સ્કાઉટ ગાઈડ બાળકો નું, ડાયમન્ડ જ્યુબિલી જાંબુરીના સ્કાઉટ ગાઈડ બાળકોનું, દિલ્લી મુકામે ટ્રેનિંગ લઈ આવેલ સ્કાઉટર નું, રાષ્ટ?પતિ દ્વારા સન્માન થયેલ કિસ્મત બાળાનું, વિવિધ શાળામાંથી પધારેલ આચાર્યશ્રીઓનું,તેમજ તાજેતરમાં નિવૃત્ત થયેલ સ્કાઉટર મહેશભાઈ પ્રજાપતિનું સ્કાર્ફ વોગલ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. જૈનાચાર્ય વિદ્યાલય હિંમતનગરના સ્કાઉટ ગાઈડ બાળકો દ્વારા પ્રાથમિક સારવારનો ડેમો આપવામાં આવ્યો. જિલ્લા ચીફ કમિશનર અતુલભાઈ દીક્ષિતે ઉદબોધનમાં જણાવ્યું હતું કે સ્કાઉટ ગાઈડ ની પ્રવૃત્તિ દ્વારા એક નાનું બાળક જયારે એ મોટુ થાય ત્યારે દેશ નો ઉત્તમ નાગરિક બને અને દેશ ને વફાદાર રહી સારા કર્યો કરે એવું જીવન ઘડતરકરવાનું કામ અમો કરી રહ્યા છીએ. આજે બાળક રાજ્ય પુરસ્કાર પરીક્ષા આપશે, ત્યાર બાદ ક્રમશઃ રાષ્ટ્રપતિ પુરસ્કાર પરીક્ષા પાસ કરશે. તો ભારતીય રેલવે ભરતી બોર્ડમાં રાષ્ટ?પતિ પુરસ્કાર થયેલ બાળકો માટે અનામત સીટો નો કોટા હોય છે એને ભવિષ્યમાં રેલવેમાં નોકરી મળી શકે છે. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મીતાબેન ગઢવી એ પ્રવચનમાં જણાવ્યું હતું કે સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિ દ્વારા નાનપણ થી જ બાળકો માં જ્ઞાન વધવાની સાથે, સારા સંસ્કાર, સેવા અને દેશ ભક્તિ ની ભાવના નો વિકાસ થાય છે. તો દરેક સ્કૂલો માં આ પ્રવૃત્તિ ચાલવી જોઈએ. સમારોહ ના અધ્યક્ષ, પેટ્રન અને કલેકટર શ્રી એ તેમના વક્તવ્ય માં જણાવ્યું કે સ્કાઉટ ગાઈડ ની પ્રવૃત્તિ દ્વારા એક સમાજ સેવાનું કાર્ય થઈ રહ્યું છે નાનપણ થી જ બાળકો ને મોબાઈલના વળગણ થી દૂર રાખી સમાજ સેવા અને દેશ ભક્તિ તરફ વાળવા માટે ની આ એક ખુબ



જ સારી પ્રવૃત્તિ છે. આથી આ પ્રવૃત્તિ ને આગળ વધારવી જોઈએ.અરવલ્લી ચીફ કમિશ્નરશ્રી સંગીતાબેન સોની એ આભાર વ્યક્ત કર્યો હતો. છેલ્લે રાષ્ટ્રગીત નું ગાન કરી કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો હતો.ગાઈડ કમિશ્નર ભારતીબેન ચૌધરી અને ટ્રેનિંગ ગાઈડ કમિશ્નર વૈશાલીબેન પટેલ એનાઉન્સર તરીકે તેમજ સમગ્ર કાર્યક્રમ નું આયોજન રેન્જર કમિશ્નર સોનલબેન ડામોર, મદદનીશ ગાઈડ કમિશ્નર નિપૂર્ણાબેન શાહ, ટ્રેનિંગ સ્કાઉટ કમિશ્નર વિષ્ણુભાઈ સોલંકી એ કર્યું હતું. સમારોહ ના મંચસ્થ મહેમાનો માં અતિથિ વિશેષ એન. જી. પ્રોજેક્ટ ના ડાયરેક્ટર શ્રી ગોપાલસિંહજી રાઠોડ નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી અલકાબેન, નગરપાલિકા ના ઉપ પ્રમુખ સવજીભાઈ ભાટી, ઉપ પ્રમુખ નિમેષભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ રાવલ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમમાં જિલ્લા સંઘ ના હોદ્દેદારો સહ મન્ત્રી કલ્પનાબેન, મદદનીશ સ્કાઉટ કમિશ્નર શૈલેષભાઇ પટેલ, મદદનીશ ટ્રેનિંગ સ્કાઉટ કમિશ્નર મહેશભાઈ પ્રજાપતિ, મદદનીશ ટ્રેનિંગ ગાઈડ કમિશ્નર જ્યોત્સનાબેન, ઓર્ગેનાઈઝર સ્કાઉટ કમિશ્નર ફરીદભાઈ મન્સૂરી, મદદનીશ ઓર્ગેનાઈઝર સ્કાઉટ કમિશ્નર બિપીનભાઈ તબિયાડ, ઓર્ગેનાઈઝર ગાઈડ કમિશ્નર અલકાબેન પટેલ , મદદનીશ ઓર્ગેનાઈઝર ગાઈડ કમિશ્નર નીલમબેન, રાજ્યપ્રતિનિધિ ગાઈડ કૈલાશબેન બરંડા , બીજલબેન સુથાર, દક્ષાબેન જોષી, કૈલાસબેન નિનામા મહોબતસિંહ સ્કાઉટર ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ પ્રસંગે સ્કાઉટ ગાઈડ બાળકો તેમના વાલીશ્રીઓ, આચાર્ય શ્રી ઓ, શિક્ષક શ્રી ઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા. ટાઉન હોલ બહોળી સંખ્યાથી ભરાઈ ગયો હતો.

# ગાંધીનગરમાં ત્રીજા માળે બાળકી ગેલેરીમાં ફસાઈ: ફાયર બ્રિગેડે સીડી લટકાવી અઢી વર્ષની બાળકીને બચાવી

ગાંધીનગરના નવા કોબા વિસ્તારમાં આવેલી સ્તવન સોસાયટીમાં એક અઢી વર્ષની બાળકીને ફાયર બ્રિગેડે સફળતાપૂર્વક બચાવી લીધી છે. સોસાયટીના ત્રીજા માળે આવેલા મકાન નંબર ૩૦૧માં રહેતા ગૌરવ પ્રજાપતિની દીકરી કસીસ ગેલેરીમાં રમી રહી હતી.રવિવારની રજાના દિવસે બાળકી એકલી ગેલેરીમાં રમતી હતી. અચાનક ગેલેરીનો દરવાજો બહારથી બંધ થઈ ગયો. બાળકી જોરથી



રડવા લાગી. તેની માતા અને પરિવારજનો દોડી આવ્યા. તેઓએ દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો પણ નિષ્ફળ રહ્યા. આસપાસના રહેવાસીઓએ પણ મદદ કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ દરવાજો ખોલી શકાયો નહીં. પરિવારે તરત જ ફાયર બ્રિગેડને જાણ કરી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી.ફાયર જવાનોએ ધાબા પરથી સીડી લટકાવી. એક ફાયર જવાન બીજા માળની ગેલેરી થકી સીડી વાટે ત્રીજા માળની ગેલેરી સુધી પહોંચ્યા.

# સ્વામિનારાયણ ધામ સ્કૂલનો વાર્ષિકોત્સવ:વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સામાજિક સંદેશ આપ્યો

ગાંધીનગરની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ સેક્ટર-૧૭ના ટાઉનહોલમાં યોજાયો. કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટી, આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમાજલક્ષી સંદેશાઓ રજૂ કર્યા. તેમણે અભિનય, સંવાદ, નૃત્ય અને મિમિક્રી દ્વારા ગુરુ સ્વામી સત્યસંકલ્પદાસજીનો સંદેશ લોકો સુધી પહોંચાડ્યો. કાર્યક્રમમાં બાળકોએ હેપી ફેમિલી, રાષ્ટ્રપ્રેમ અને સામાજિક સંવેદનશીલતા જેવા વિષયો પર પ્રસ્તુતિ આપી.





ઠાસરા, ગળતેશ્વતાલુકાના નિવૃત કર્મચારીઓની વાર્ષિક સાધારણ સભા ઠાસરા દશા નગર વણિક વાડી મુકામે સવારે ૧૦ કલાકે મળી જેમાં રાજ્ય મંડળ ના હોદેદારો,જિલ્લા મંડળ ના હોદેદારોનર્મલ સિંહ રાણા, સીજી રાણા, અને તાલુકા ના પ્રમુખ, ચંદ્ર સિંહજી ચાવડા, ઉ પ પ્રમુખ કાંતિ લાલ, મંત્રી પ્રતાપ સિંહ સોલકી, તાલુકા કારોબારી સમિતિ ના સભ્યો અને મોટી સંખ્યામાં નિવૃત કર્મચારીઓ હાજર રહ્યા હતા અને દરેક સભ્યને તિથિ ભોજન ચાવડા અનો પ સિંહ ઉદેસિંહ નિવૃત વિસ્તરણ અધિકારી તાલુકા પંચાયત કચેરી ઠાસરા દ્વારા આપવામાં આવ્યું હતું

# બ્રિટાનિયા કંપનીના કામદારોની પગાર વધારાની માંગ






ઝઘડિયા જીઆઈડીસીના ૨૩ નંબરના પ્લોટમાં આવેલ બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ કંપની પર કર્મચારીઓની હડતાલ ચર્ચાનો વિષય બન્યો છે. છેલ્લા ૩૫ દિવસથી કંપનીના ૩૦૦ થી વધુ કાયમી કર્મચારીઓ પગાર વધારાની માંગણીને લઈ હડતાલ પર ઉતર્યા છે. હડતાલના શરૂઆતના બે દિવસમાં કંપની સંચાલકો દ્વારા કોઈ પ્રતિભાવ કામદારોને આપવામાં આવ્યો નથી. ઝઘડિયાના સ્થાનિક આગેવાનોએ કામદારોને સાથ સહકાર આપ્યા બાદ સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય ચૈતર વસાવા, કોંગી આગેવાન શેરખાન પઠાણ, ધનરાજ વસાવા, વૈભવ વસાવા, મિતેષ પઢિયાર સહિતના રાજકીય આગેવાનો બ્રિટાનિયા કંપનીમાં હડતાલ પર ઉતરેલા કામદારોના સમર્થનમાં આવ્યા હતા. ધારાસભ્ય અને સાંસદ સભ્ય કંપની ખાતે પહોંચતા કંપની સંચાલકોએ પણ તેમની સાથે બેઠક કરવાની ફરજ પડી હતી. સંચાલકોએ નિરાકરણ લાવવાનો મૌખિક વાયદો કર્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.